C.C.N.121590/2024

**આંક–૧ ની ફરીયાદ લગત હુકમ**

અરજી વંચાણે લીધી, સાંભળ્યા, આ કેસ હાલનાં આરોપી/વાહન માલિક સામે ફરીયાદીએ મોટર વ્હીકલ એક્ટની જોગવાઇનાં ભંગ બદલ દાખલ કરેલ છે. આરોપી/વાહન માલિક સામે કેસ દાખલ થતા સ્વેચ્છાએ કોર્ટમાં હાજર થયેલ છે. આરોપી/વાહન માલિકની પ્લી રેકર્ડ કરતા બિનશરતી રીતે પોતે ગુનો કબુલ કરતા હોવાનુ જણાવેલ છે કે, ભવિષ્યમાં આવો કોઇ ગુનો નહી કરે તથા આ પોતાનો પ્રથમ ગુનો છે તથા પોતે સામાન્ય વર્ગની વ્યકિત છે અને પોતાની રોજગારી માટે વાહન લઇ જવુ ચલાવવુ જરૂરી હતુ. તે દરમ્યાન અજ્ઞાનતા અને શરતચુકથી જોગવાઇનો ભંગ થયેલ છે. પોતાને અગાઉ કોઇ ગુનામાં સજા થયેલ નથી કે આવો કોઇ ગુનો કરેલ નથી. પોતાના ઉપર કુટુંબની જવાબદારી છે. ગુના બદલ પોતાને પસ્તાવો થાય છે તથા ભયની લાગણી અનુભવે છે. પોતાને ભુલ સમજાઇ ગઇ છે. પોલીસે તેનુ વાહન ડીટેઇન કર્યુ ત્યારથી તેઓની કસ્ટડીમાં છે તે દરમ્યાન પોતે રોજગારી ગુમાવેલ છે. ભવિષ્યમાં આવી ભુલ નહી કરે અને ટ્રાફિકનાં કાયદાનું પણ પાલન કરશે તેની ખાત્રી આપે છે. વધુમાં જણાવેલ છે કે, આ સંજોગોમાં પોતાને માફ કરવામાં આવે અને કોઇ સજા કે દંડ નહી કરતા સુધારવા તક આપવામાં આવે.

આરોપી/વાહન માલિકની રજુ આત સાંભળી કેસ હકીકત ધ્યાને લીધી.આરોપી/વાહન માલિકે મોટર વ્હીકલ એક્ટની જે જોગવાઇઓનો ભંગ કરેલ છે તે ધ્યાને લીધી. કેન્દ્ર સરકાર મોટર વ્હીકલ એક્ટમાં ઘણા બધા સુધારા કરી દંડની રકમમાં વધારો કરેલ છે અને તેની પાછળનુ કારણ લોકો ટ્રાફીકનાં નિયમો અને કાયદાની જોગવાઇ અનુસરે તે છે. આ ઉપરાંત ત્યારબાદ,ગુજરાત સરકારે તેના અધિકારો વાપરી ગુજરાતનાં લોકોની આર્થિક સ્થિતી તથા સામાજીક અને ભોગોલિક પરિસ્થિતિ તેમજ કાયદાકીય બાબતોની જાણકારી વિગેરે ધ્યાનમાં રાખી જે ગુના માંડવાળ થવા પાત્ર હતા તેવામાં માંડવાળની રકમ નક્કી કરેલ છે.

**// હુકમ //**

આ કામનાં આરોપી/વાહન માલિકે ફરીયાદમાં જણાવેલ ગુન્હો સ્વેચ્છાએ કોઇપણ જાતનાં દબાણ કે લાલચ વગર કબુલ કરેલ છે. આરોપી/વાહન માલિકની સ્વૈચ્છીક કબુલાત સ્વીકારી તેને એમ.વી.એક્ટની કલમ–183 નાં ગુન્હાનાં ભંગ બદલ સદર અધિનિયમની કલમ મુજબ શિક્ષાપાત્ર ગુન્હા માટે સી.આર.પી.સી.ની કલમ–૨૫૨ મુજબ તકસીરવાર ઠરાવી દરેક ગુન્હા સબબ કુલે રૂા.2000/–( Two Thousand only) નો દંડ કરવાનો હુકમ કરવામા આવે છે. જો આરોપી દંડ ની રકમ ન ભરે તો દિવસ–૦૫ ની સાદીકેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા સ્પેશ્યલ સીટીંગમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા. 24/01/2025

(ડી. એચ. ખંભાતી)
એડી.ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રે ટ,
કોર્ટ નં.૬,અમદાવાદ.
જી.જે.૦૦૮૬૬